# સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦૦૧૫
ફોન : (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્સ : (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in


121

ક્રમાંક:મકમ/સ્પીપા/પ્રતિનિયુક્તિ/૨૦૧૯/તા.૪ તા.૬/૦૭/૨૦૧૯

પ્રતિ, સંબંધિત અધિકારીશ્રી સામાન્ય વહીવટ/નાણા/મહેસૂલ/પંચાયત વિભાગ
તમામ જિલ્લા કલેકટરશ્રી/તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
વિકાસ કમીશનરશ્રી

વિષય:- સંસ્થા ખાતેની વર્ગ-૧ થી વર્ગ-૩ ની ખાલી જગ્યાઓ પ્રતિનિયુક્તિથી ભરવા બાબત.

શ્રીમાન,

રાજ્ય સરકારે વહીવટી સુધારણામાં કર્મચારીઓની તાલીમને પાયાનું પરિબળ ગણી તેની અગત્યને ધ્યાને લઈ સઘન તાલીમનું આયોજન કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂકેલ છે. જેના ભાગરૂપે વહીવટી બાબતોના વિવિધ વિષયોના તાલીમ કાર્યક્રમો, સરકારની કોમ્પ્યુટરઈઝેશનની નીતિ અન્વયે કોમ્પ્યુટરના તાલીમ કાર્યક્રમો તથા જે તે ખાતાઓની જરૂરિયાતને ધ્યાને લઈ વિશિષ્ટ તાલીમ કાર્યક્રમો તેમજ ભારત સરકાર પુરસ્કૃત તાલીમ કાર્યક્રમોનું સંસ્થામાં આયોજન થાય છે અને તે પ્રમાણે તાલીમનું ફલક અને પ્રવૃત્તિઓ વિસ્તરેલ છે. નિયંત્રણ હેઠળના તાલીમ કેન્દ્રો ખાતે પણ તાલીમ કાર્યક્રમોનો વ્યાપ વધેલ છે. સંસ્થાની આ કામગીરી આગામી વર્ષોમાં પણ ચાલુ રહેનાર છે. બલ્કે, તેની આ કામગીરીમાં ઉત્તરોત્તર વધારો થનાર છે. જેના માટે ઉચ્ચ લાયકાત ધરાવતા તથા તાલીમ સંબંધિત કામગીરીમાં અભિરૂચિ ધરાવતા સક્ષમ, કાર્યદક્ષ અધિકારીઓ/કર્મચારીઓની અત્યંત આવશ્યકતા રહે છે.

હાલમાં સંસ્થા તથા તેને હસ્તકના તાલીમ કેન્દ્રોમાં વર્ગ-૧ થી વર્ગ-૩ સંવર્ગની ઘણી જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ પર પ્રતિનિયુક્તિથી આવવા ઈચ્છુક હોય તેવા ઉમેદવારો જેઓ સરકારી સેવામાં પાંચ વર્ષથી વધુ સમયથી હોય તથા જેઓની નિવૃત્તિને ત્રણ વર્ષ કે તેથી વધુ સમય બાકી હોય તેવા અધિકારી/કર્મચારીઓની અરજી આપની ભલામણસહ અત્રે મોકલી આપવા વિનંતી છે. આપની દરખાસ્ત તા.૧૯/૦૮/૨૦૧૯ સુધીમાં અત્રે મળી જાય તેમ વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે. ઉમેદવારોના પસંદગી / નાપસંદગીના હક સંસ્થા હસ્તક રહેશે. જે વિદિત થવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(કે.એમ.ભીમજીયાણી, IAS)
નાયબ મહાનિર્દેશક
સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા
અમદાવાદ

બિડાણ:- ખાલી જગ્યાઓનું પત્રક

સંસ્થા તથા તેને હસ્તકના પ્રાદેશિક તાલીમ કેન્દ્રોની હાલ ખાલી તથા ખાલી પડનાર જગ્યાઓની માહિતી :-

| ક્રમ | સ્થળ | વર્ગ-૧ ઉપસચિવ/નાયબ કલેક્ટર સમકક્ષ અથવા ઉપરનો સંવર્ગ | વર્ગ-૨ સેક્શન અધિકારી/ મામલતદાર સમકક્ષ ટી.ડી.ઓ સંવર્ગ | વર્ગ-૩ નાયબ મામલતદાર / નાયબ સેક્શન અધિકારી સંવર્ગ | વર્ગ-૩ કારકુન /કારકુન કમ ટાઇપિસ્ટ સંવર્ગ |
|---|---|---|---|---|---|
| ૧ | સ્પીપા મુખ્ય, અમદાવાદ | ૦૩ | ૦૬ | ૦૭ | ૧૨ |
| ૨ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, અમદાવાદ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૨ |
| ૩ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, વડોદરા | ૦૦ | ૦૪ | ૦૨ | ૦૨ |
| ૪ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, સુરત | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૫ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, મહેસાણા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૬ | પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, રાજકોટ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૨ |
| | કુલ | ૦૫ | ૧૨ | ૧૩ | ૨૦ |